ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ તા.૦૩.૧૦.૨૦૧૭

## "ગુજરાત ગૌરવ યાત્રા"
## હું છું વિકાસ, હું છું ગુજરાત

---

**માનનીય નરેન્દ્રભાઇના શાસનમાં છેવાડાના માનવીના ઘેર શૌચાલય, ગેસના બાટલો, ૨૪ કલાક વીજળી, ઘરનું ઘર તથા પીવાનું શુધ્ધ પાણી પુરું પાડવાના પંચનિષ્ઠાના વિકાસ કાર્યો આજે વાસ્તવિકતા બન્યા છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

---

**વનબંધુ ભાઇઓના વિકાસ માટે ૬૭ હજાર કરોડથી વધુના નક્કર આયોજનો ભાજપા શાસનમાં થયા છે. લીમખેડા સહિત સમગ્ર મધ્ય ગુજરાતમાં ભાજપાનું કમળ ખીલવીને શ્રી નરેન્દ્રભાઇને ૧૫૦ થી વધુ કમળની ભેટ આપણે સૌ આપીએ. – શ્રી નીતીનભાઇ પટેલ**

---

**ગુજરાત ગૌરવ યાત્રાને મળી રહેલ અભૂતપૂર્વ પ્રતિસાદને કોંગ્રેસે સ્થળ ઉપર આવીને ચકાસવાની જરૂર છે. વિકાસવાદ અને રાષ્ટ્રવાદના ભાજપાના કાર્યકલાપોને પ્રજાએ પ્રેમ અને લાગણીસભર હરખભેર વધાવ્યા છે. – શ્રી ગોરધન ઝડફીયા**

---

આજરોજ લીમખેડા ખાતે ગુજરાત ગૌરવ યાત્રાના ત્રીજા દિવસે જંગી મેદનીને સંબોધતાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યુ હતુ કે, દેશ સહિત દશેય દિશાઓમાં ગુજરાતનું ગૌરવ વધે તેવા અભૂતપૂર્વ વિકાસના કાર્યો ભાજપા શાસનમાં થયા છે. રસ્તા, દવાખાના, શાળાઓ, ખેતી, સિંચાઇ સહિત અનેક સુવિધાઓ સભર સમગ્ર વનબંધુ પંથક ભાજપા શાસનમાં બન્યો છે. એકલવ્ય શાળાઓ દ્વારા આદિવાસી બાળકોને ગુણવત્તાસભર આધુનિક શિક્ષણ તથા આવતા વર્ષે દાહોદમાં મેડિકલ કોલેજ શરૂ કરીને ભાજપા શાસનમાં વિકાસ એક નવી ઉંચાઇએ પહોંચવા જઇ રહ્યો છે. વનબંધુઓના પાયાના પ્રશ્નોનો નિકાલ સ્થળ પર જ આવે તે માટે સીંગવાડ તાલુકો અલગ તાલુકા તરીકે ભાજપા સરકારે જાહેર કરીને પ્રજાજનોની વર્ષો જુની માંગણી સાકાર કરી છે. ૮૫૩ કરોડના ખર્ચે નર્મદાનું પાણી તથા એક હજાર કરોડના ખર્ચે કડાણાનું પાણી નળ દ્વારા ઘેર-ઘેર પહોંચાડીને 'હેન્ડપંપમુક્ત ગુજરાત' બનાવવાનું સ્વપ્ન ભાજપાએ સાકાર કર્યુ છે. માનનીય નરેન્દ્રભાઇના શાસનમાં ગરીબને ઘેર શૌચાલય, ગેસના બાટલો, ૨૪ કલાક વીજળી, ઘરનું ઘર તથા પીવાનું શુધ્ધ પાણી પુરું પાડવાના પંચનિષ્ઠાના વિકાસ કાર્યો આજે વાસ્તવિકતા બન્યા છે.

સરદાર પટેલની પુણ્યભૂમિ કરમસદથી પ્રારંભ થયેલ ભાજપાની ગુજરાત ગૌરવ યાત્રાના બીજા દિવસે યાત્રાના સમાપન પ્રસંગે દાહોદ ખાતે તથા આજે સવારે લીમખેડા ખાતે જંગી જાહેર સભાઓને સંબોધતાં નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલે તેમની આક્રમક શૈલીમાં જણાવ્યુ હતુ કે, રાષ્ટ્રના આધુનિક નિર્માણ તથા વિકાસમાં ભાજપા શાસન દરમ્યાન ગુજરાતનું અમુલ્ય યોગદાન રહ્યું છે તેને કોઇ ભુલવી શકે તેમ નથી.

ભારતના વડાપ્રધાન તરીકે આજે ગુજરાતના રાષ્ટ્રભક્ત અને પનોતાપુત્ર શ્રી નરેન્દ્રભાઇ મોદી બિરાજમાન થયા છે તે ગુજરાતનું ગૌરવ છે. તેઓએ આક્રમક શૈલીમાં ગુજરાત અને દેશની કોંગ્રેસની વિકાસ વિરોધી માનસની ઝાટકણી કાઢતા જણાવ્યુ હતુ કે, ૧૯૬૧ થી ૧૯૯૫ દેશમાં અને રાજ્યમાં કોંગ્રેસનું શાસન હોવા છતાં ગુજરાતના પ્રજાજનોનું હિત કરનારી ગુજરાતની જીવાદોરી સમી નર્મદા યોજનાને અવરોધવાનું મહાપાપ કોંગ્રેસ પાર્ટીએ કર્યુ હતુ તેનો ગુજરાતની જનતા આ ચૂંટણીમાં જડબાતોડ જવાબ આપશે તે કોંગ્રેસ સમજી લે. કેન્દ્રમાં કોંગ્રેસ પાર્ટીએ ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી સતત ૧૦ વર્ષ નર્મદા યોજનાને અવરોધીને ગુજરાતની પ્રજાને તરસી રાખવાનુ અપકૃત્ય કર્યું છે તે પ્રજામાનસ ભુલી શકે તેમ નથી. છેલ્લા બે દાયકામાં ૬૭ હજાર કરોડ રૂપિયાના વનબંધુ વિકાસના કાર્યો ભાજપા શાસનમાં થયા છે. પેસા એક્ટ હેઠળ વનબંધુ ભાઇઓને તેમના જીવનધોરણમાં આમુલ પરિવર્તન આવે તેવી જોગવાઇ ભાજપા શાસનમાં થઇ છે. સીંચાઇ યોજના હોય કે પાણી પહોચાડવા માટેના ભગીરથ પ્રયત્નો હોય, ભાજપા શાસનમાં સમગ્ર આદિવાસી પંથકમાં વિકાસના અજવાળાનો ઉજાસ ફેલાયેલો ચારેકોર જોઇ શકાય તેમ છે.

આ પ્રસંગે પ્રજાજનોને સંબોધતા પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઇ ઝડફીયાએ જણાવ્યુ હતુ કે, ૧૯૯૫ પહેલા ૪૫૦૦ ગામડાઓમાં પાણીના ટેન્કરો મોકલવા પડતા હતા. આજે ગુજરાત ટેન્કરમુક્ત રાજ્ય બન્યુ છે. વિકાસના કામોને લઇને ભાજપાએ પ્રજાનો જે પ્રેમ અને વિશ્વાસ સંપાદન કર્યા છે તે કોંગ્રેસે અહીં રૂબરૂ આવીને જોવાની જરૂર છે.

ગૌરવ યાત્રાના રૂટ ઉપર અનેક સ્થળોએ **"ભારત માતા કી જય" "વંદે માતરમ્"**ના નારા સાથે પરંપરાગત બંડી-પાઘડી-ખેસ પહેરાવીને મહાનુભાવોનું પ્રજાજનો દ્વારા ભાવભીનું સ્વાગત થયુ હતું. અનેક સ્થળોએ તીર-કામઠા અને તલવારથી સ્વાગત કરીને તથા બાળાઓ દ્વારા માથે કળશ અને નાળીયેર ધારણ કરીને ગૌરવ યાત્રાને ઠેર-ઠેર આવકારવામાં આવી હતી.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનરશ્રી–મીડિયા સેલ